‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email : sannari@gujaratmitra.in

સપ્તાહની તસવીર

‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **ધ્વનિ રમેશભાઈ વોરા**ની છે. એણે અમદાવાદની GLS યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યું છે હમણાં ધ્વનિ GRSC- UPSC પરીક્ષાની તૈયારી કરે છે.

પ્રિય સન્નારી

કેમ છો? મજામાં?

પણ ખરું કહું તો આ વખતે દુ:ખ થયું છે. મિત્રો, તમે પણ ન્યઝૂ તો વાંચ્યા જ હશે કે લખનૌના એક કોચિંગ ક્લાસના એસીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી અને તેમાં ૧૫ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા. પરિવારનાં લાડકવાયાં બાળકોનું આવું કરુણ મોત કોઈને પણ અંદરથી હચમચાવી મૂકે છે.

લખનૌમાં હાલમાં જેવો અગ્નિકાંડ થયો તેવો ૨૦૧૯માં સુરતમાં પણ તક્ષશિલા નામના કોચિંગ ક્લાસમાં થયો હતો જેમાં ૨૨ નિર્દોષ વિદ્યાર્થીઓનાં મૃત્યુ થયાં હતાં. વારંવાર આગ લાગવાની ઘટનામાં

નિર્દોષો હોમાય જાય છે. ભૂલ ભલે જેતે મકાન માલિકની હોય કે બિલ્ડરની હોય કે ફાયર સેફ્ટીને લગતા નિયમોનું ઉલ્લંઘન કરનારની હોય, આહુતિ તો નિર્દોષોની જ અપાય છે. ભૂલ કોની છે? ક્યાં ભૂલ થઈ છે? ફક્ત એટલું જ શોધવું પૂરતું નથી. ભૂલનું પુનરાવર્તન ન થાય તેની સાવચેતી પણ એટલી જ મહત્ત્વની છે. શોર્ટ સર્કિટ થવી, આગ લાગવી એ કુદરતી આફત સમાન છે, તે ગમે ત્યારે લાગી શકે છે પરંતુ તેમાંથી બચાવ ત્યારે જ થઈ શકે જ્યારે પૂર્વતૈયારી રૂપે તકેદારીનાં પગલાં લીધાં હોય જેમ કે બિલ્ડીંગમાં ઈમરજન્સી એક્ઝીટની પણ સગવડ રાખવી, ફાયર સેફ્ટીનાં સાધનો ઉપલબ્ધ રાખવાં અને તે બરાબર કામ કરે છે કે નહિ તેનું પણ ધ્યાન રાખવું વગેરે.. આ ઉપરાંત, બાળકો અને સ્ટાફ મેમ્બર્સને આગ લાગે ત્યારે શું કરવું, ફાયર સેફ્ટીનાં સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ પણ આપવી જોઈએ. વળી, મોક ડ્રીલ દ્વારા પ્રેક્ટીકલી સમજાવવું પણ જોઈએ. હાલમાં જ્યારે વરાછા વિસ્તારની એક શાળાના ક્લાસરૂમમાં એસીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી ત્યારે સ્ટાફ મેમ્બર્સની તકેદારી અને સાવધાનીને કારણે કોઈ જાનહાનિ ન થઈ અને આગ પર તરત કાબૂ મેળવી લેવાયો. આમ, જરૂરી તકેદારી અને તાલીમ દ્વારા મોટી જાનહાનિમાંથી બચી શકાય છે. વળી અહીં વાલીઓની ભૂમિકા પણ મહત્ત્વની છે. કોઈ પણ કોચિંગ ક્લાસમાં મોકલતાં પહેલાં ત્યાં બાળકો માટે સેફ્ટીની કેટલી સગવડ છે તે જોઈ લેવું જોઈએ. બાળકોના ભવિષ્ય બનાવવાના ગાંડપણમાં તેમના જીવનું જોખમ ઊભું કરવું કેટલું વ્યાજબી કહેવાય? આ વાત દરેક માતા-પિતાએ સમજવી જરૂરી છે કારણ કે આપણું બાળક એ સૌથી પહેલા આપણી જ જવાબદારી હોય છે.

મિત્રો, તમે શું એક વાતની નોંધ લીધી છે કે મોટાભાગની શોર્ટ સર્કિટની ઘટના ઉનાળામાં જ વધારે થાય છે. બરાબર ને? ઉનાળામાં અતિશય ગરમી હોય છે જેના કારણે એસી અને પંખાનો વપરાશ વધી જાય છે. સરવાળે ઈલેક્ટ્રિસિટીનો વપરાશ વધી જાય છે. આમ, સર્કિટ ઓવરલોડને કારણે શોર્ટ સર્કિટ થવાની શકયતા વધી જાય છે. બીજી રીતે કહીએ તો અતિશય ગરમી આગ લાગવાનું પરોક્ષ કારણ બને છે. તો પછી આનો ઉપાય શું છે? શું કરીએ તો અતિશય ગરમીનું પ્રમાણ ઓછું થાય? શું કરીએ તો આ ગ્લોબલ વોર્મિંગની માયાજાળમાંથી બચી શકાય ? કદાચ, જવાબ તમને, મને અને આપણને સૌને ખબર છે. છતાં તેના માટે આપણે હજી એટલા ગંભીર બન્યા નથી. ઉપાય માત્ર એક જ છે, વધુ ને વધુ વૃક્ષો ઉછેરવાં.

આપણામાંથી ઘણાં વૃક્ષારોપણ કરે છે, તેની સાથે સેલ્ફી લે છે, ઈન્સ્ટાગ્રામ પર મૂકે છે, સ્ટેટસ અપડેટ કરે છે અને પછી ભૂલી જાય છે કે અમે કોઈ છોડ રોપ્યા હતા! ખરું ને? એક બાળકનો ઉછેર કરવાનો હોય તેટલી જ માવજત અને મહેનતની જરૂર વૃક્ષ ઉછેરવામાં કરવી પડે છે. છતાં, એવા ઘણા પ્રકૃતિપ્રેમી છે જેમણે દિલથી એક એક વૃક્ષ ઉછેરીને એક સુંદર વનસૃષ્ટિનું સર્જન કર્યું હોય. આવો જ એક કિસ્સો હાલમાં મહારાષ્ટ્રમાં થયો છે. મહારાષ્ટ્રમાં અભિનેતા સયાજી શિંદેએ પોતાની મરણપથારી પર પડેલી માતાને અંતિમ સમયમાં વચન આપ્યું હતું કે તે ૫૦૦૦ વૃક્ષો ઉછેરશે. તેમણે વૃક્ષોની સ્થાનિક પ્રજાતિઓ જેવી કે પીપળો, વડ અને આમલી જેવાં વૃક્ષો રોપવા માટે પસંદ કર્યાં. આ વચન પાછળ એક જ ઉદ્દેશ હતો કે જેમ માતા નિ:સ્વાર્થ ભાવે બાળકોનું જતન કરે છે તેમ વૃક્ષો પણ નિ:સ્વાર્થપણે આપણને ઘણું બધું આપે છે. આમ, આ ઉત્કૃષ્ટ ભાવના સાથે સહ્યાદ્રી દેવરાઈ નામના NGOનો વિકાસ થયો કે જેણે સમગ્ર સહ્યાદ્રી વિસ્તારમાં ૫૦૦૦ થી પણ વધુ વૃક્ષો રોપ્યાં અને તેમનું જતન કરીને એક મજબૂત ઈકો સિસ્ટમ તૈયાર કરી. આ ઈકો સિસ્ટમને કારણે ઘણાં વન્ય પ્રાણીઓને આશરો મળ્યો, ભૂગર્ભ જળસ્તર વધ્યું અને ઉજ્જડ વેરાન જમીન હરિયાળા વનમાં પરિવર્તિત થઈ ગઈ છે. સયાજી શિંદેએ કરેલો આ પ્રયાસ કંઈ નાનોસૂનો નથી, છતાં સમગ્ર પૃથ્વી અને તેના પર્યાવરણને અનુલક્ષીને જોતાં હજી આવા પ્રયાસો બધાંએ કરવા પડે ત્યારે જ પૃથ્વીના પર્યાવરણને આપણે જે નુકસાન પહોચાડ્યું છે તેની ભરપાઈ કરી શકાશે. આ પૃથ્વીને ભવિષ્યમાં જીવવાલાયક રાખવા માટે આપણે આટલા પ્રયત્નો તો કરવા જ પડશે. કહેવાય છે ને કે ‘નાનકડાં પગલાં મોટા ભવિષ્ય તરફ લઈ જાય છે.’ બસ, આપણે સૌએ પણ નાનકડાં પગલાં લેવાની જરૂર છે. ત્યારે જ આપણું ભવિષ્ય સુરક્ષિત થઈ શકશે. ચાલો, શરૂ કરીએ નાના પ્રયાસો....અને પૃથ્વીને ફરી હરિયાળી બનાવીએ...

આવજો, ફરી મળીશું આવતા સપ્તાહે.

- સંપાદક